**<u>મહેરબાન મહુવાનાં પ્રિન્સીપાલ સિવિલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ</u>**
**<u>સાહેબશ્રીની કોર્ટમાં, મુ.મહુવા, તા.મહુવા, જિ.સુરત</u>**

**ફોજદારી કેસ નં.૨૬૮/૨૦૨૬**
**આંક-૯**

ફરિયાદીઃ- સરકારશ્રી

વિરુદ્ધ

આરોપીઃ- (૧)ભરતભાઈ ઉર્ફે વિક્કીભાઈ પુખરાજભાઈ ચંદેલ
રહેવાસી-વલવાડા ગામ, ગામતળ ફળીયુ, તા.મહુવા, જી.સુરત.
(૨)રાજુભાઈ પરસોત્તમભાઈ પરમાર
રહેવાસી-બુટવાડા ગામ, હરીજનવાસ, તા.મહુવા, જી.સુરત.
(૩)જીવન શંકરલાલ જૈન
રહેવાસી-મહુવા ગામ, બ્રાહ્મણ ફળીયુ, તા.મહુવા, જી.સુરત.

**<u>ગુનોઃ– ખાતર નિયંત્રણ હુકમ, ૧૯૮૫ ના ખંડ–૨૫(૧) તથા આવશ્યક ચીજ વસ્તુ ધારા ૧૯૫૫ ની કલમ–૩ મુજબનો.</u>**

**<u>––// ઠ રા વ //––</u>**

(૧) આ કામના આરોપીઓ વિરૂધ્ધ ખાતર નિયંત્રણ હુકમ, ૧૯૮૫ ના ખંડ–૨૫(૧) તથા આવશ્યક ચીજ વસ્તુ ધારા ૧૯૫૫ ની કલમ–૩ અન્વયેના ગુનાનો આરોપ છે. જે અંગે ફરિયાદી ગુજરાત સરકાર વતી શ્રી કોમલકુમારી દેવદત્તભાઈ ચૌધરી નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) ની કચેરી અઠવાલાઈન્સ સુરત નાઓએ અત્રેની કોર્ટમાં ફરિયાદ રજુ કરેલ છે જે ફરિયાદ રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૨) સદર ફરિયાદ દાખલ થયા બાદ, આરોપીઓને પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ, જે પ્રોસેસ બજી જતા, આરોપીઓ તેઓના વિ.વકીલશ્રી મારફત હાજર થયેલા છે. આરોપીઓ હાજર થતા તેઓને ફરિયાદ અરજીની નકલ વિના મુલ્યે આપવામાં આવ્યા બાદ આરોપીઓએ કબુલાત પુરશીસ આપી ગુનાનો એકરાર કરેલ છે.

(૩) આરોપીઓને રૂબરૂમાં પુછતા તેઓએ સ્વેચ્છાએ કોઈપણ જાતના દાબ-દબાણ વગર કે લાલચ વિના હાલની કબૂલાત પુરશીસ આપેલ છે. આરોપીઓએ એવી રજુઆત કરેલ છે કે, આ તેમનો પ્રથમ ગુનો છે અજ્ઞાનતામાં ગુનો બનવા પામેલ છે, ભવિષ્યમમાં કહેવાતો ગુનો ફરીથી ન બને તેની તકેદારી રાખશે જેથી દયાની અરજ ગુજારવા વિનંતી કરેલ છે.

(૪) આમ, આરોપીઓની સ્વૈચ્છીક ગુના કબુલાત, આરોપીઓની રજુઆત, ગુનાનુ સ્વરૂપ, કેસના સંજોગો વિગેરે ધ્યાનમાં લેતા, આરોપીઓને કાયદામાં નિર્દિષ્ટ કરેલ સજા કરતા ઓછી સજા ફરમાવવામાં આવશે તો તે ન્યાયી, વ્યાજબી અને ઉચિત જણાશે તેવુ મારૂ માનવુ હોય તેમજ **૨૦૦૫ (૧) GLR સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હીરાચંદ ઠાકોર**ના નામ. ગુજરાત હાઈકોર્ટનાં ચુકાદાને ધ્યાને લેતા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**--// હુ ક મ //--**

આ કામના આરોપીઓને ખાતર નિયંત્રણ હુકમ, ૧૯૮૫ ના ખંડ–૨૫(૧) તથા આવશ્યક ચીજ વસ્તુ ધારા ૧૯૫૫ ની કલમ–૩ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી **પ્રત્યેક આરોપીને રૂ.૨૦,૦૦૦/- (વીસ હજાર) કુલે રૂ.૬૦,૦૦૦/- (અંકે રૂપીયા સાઈઠ હજાર)** પુરાનો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન-૩૦ ની સાદી કેદનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૪ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતના દિવસે ખુલ્લી અદાલતમાં વાચી સંભળાવી જાહેર કર્યો.

સિવિલ કોર્ટ, મહુવા
તા.૧૪/૦૩/૨૦૨૬

**(દેવાંશુ શર્મા)**
**પ્રિન્સીપાલ સિવિલ જજ અને**
**જ્યુડી.મેજી.ફ.ક.,**
**સિવિલ કોર્ટ,મહુવા જિ.સુરત**
**કોડ નં.જીજે૦૧૬૧૯**

આરોપીઓએ પાસેથી દંડ પેટે રૂા.૬૦,૦૦૦/- (અંકે રૂપિયા સાઈઠ હજાર) પુરા તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ જમા લીધેલ છે.

**રજીસ્ટ્રાર કમ નાઝર,**
**સિવિલ કોર્ટ, મહુવા**